
## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ



ના ના... તમે રોડ પર આવી ગયા એટલે રોડ-શો કર્યો છે એવું નથી....!

# હે રામ..! મહાત્મા મંદિરે જ મહાત્મા કોટડીમાં બંધ..!!

**મહાત્મા મંદિરના પરિસરમાં "સેલ્ફિ વીથ મહાત્મા" માટે જાણીતી ગાંધીજીની રેંટિયો ચલાવતી મૂર્તિ જોવા ના મળતાં મુલાકાતીઓમાં નિરાશા : મૂર્તિને મહાત્મા મંદિરના ઉપરના માળે "કારાવાસ" ભોગવતી દશામાં જોવા મળી**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં મહાત્મા મંદિર કોન્ફરન્સ ટુરિઝમ માટે વૈશ્વિક ઓળખ મેળવી ચુક્યું છે તેમાં બે મત નથી પરંતુ જેના નામ પર મહાત્મા મંદિરનું નામકરણ કરવામાં આવ્યું છે તે રાષ્ટ્રપિતા ગાંધીજીની મહાત્મા મંદિરના પરિસરમાં રાખેલી મૂર્તિ આજે જોવા ન મળતાં અનેક ડેલીગેટ્સ અને મુલકાતીઓ નિરાશ થયાં હતાં. મહાત્મા ગાંધીજીની આ મૂર્તિ ઉપરના માળે એક સર્વિસરૂમની કોટડીમાં બંધ જોવા મળી હતી. આજે મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મોરેશિયસના પ્રધાનમંત્રી પ્રબિન્દકુમાર જુગન્નાથ અને વિશ્વ આરોગ્ય સંસ્થાના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટ-૨૦૨૨નો પ્રારંભ થયો છે. આ સમિટના ઉદઘાટન પ્રસંગે બોલતાં નરેન્દ્ર મોદીએ વિદેશથી આવેલા મહેમાનો, ડેલિગેટ્સ અને ઈન્વેસ્ટર્સ સહિતના મુલાકાતીઓને મહાત્મા ગાંધીજીને વૈશ્વિક વિભૂતિ ગણાવતાં મહાત્મા મંદિરની પવિત્ર ધરતી પર નિર્માણ પામેલ દાંડી કુટિરની અચુક મુલાકાત લેવા સલાહ આપતાં કહ્યું હતું કે દાંડી કુટિરની મુલાકાતથી તમને ગાંધીજીને વધુ નજીકથી જાણવાની તક મળશે." જોકે બીજી તરફ મહાત્મા મંદિરના પરિસરમાં રાષ્ટ્રપિતા ગાંધીજીની રેંટિયો ચલાવીને સુતર કાંતતી મૂર્તિ જે પ્રવેશદ્વાર નં.૧થી પ્રવેશતા મુખ્ય હોલની બહારના પેસેજમાં હતી અને મુલાકાતીઓમાં આકર્ષણનું કેન્દ્ર હતી તે મૂર્તિ આજે પરિસરમાં જોવા ન મળતાં મુલાકાતીઓમાં નિરાશા સાથે અનેક તર્ક વિતર્ક જોવા મળ્યાં હતાં. આ અંગે તપાસ કરતાં તે મૂર્તિ મહાત્મા મંદિરના ઉપરના માળે સર્વિસ રૂમ લખેલી એક કોટડીમાં બંધ જોવા મળી હતી. આ એજ મૂર્તિ છે જે મહાત્મા મંદિર ખાતે આવનારા મુલાકાતીઓને ગાંધીજીના દર્શન કરવાનો લ્હાવો પુરો પાડતી હતી તેમજ યુવા વર્ગથી માંડીને લગભગ તમામ વયના મુલાકાતીઓ આ મૂર્તિ પાસે સેલ્ફિ વીથ મહાત્મા ક્લિક કરવાનો લ્હાવો મેળવતાં હતા અથવા અચૂક તસવીર ખેંચાવ ડાવતા હતા. દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરાવવા અનેકવાર કારાવાસ ભોગવનાર અને સ્વદેશી ચળવળ અંતર્ગત રેંટિયા થકી તે સમયે આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન નિહાળનાર મહાત્મા ગાંધીજીની રેંટિયો કાંતતી મૂર્તિ ભારતના આઝાદીના અમૃત મહોત્સવના સમયે યોજાયેલી ગ્લોબલ આયુષ સમિટ દરમ્યાન ખૂબ મહત્વની સાબિત થઇ શકે તેમ છે પરંતુ હાલ તે અગમ્ય કરણોસર કારાવાસ ભોગવી રહી છે.






## વાસન ગામે બે પરિવારો વચ્ચે મારામારી થતા ફરીયાદ

ગાંધીનગર, તા.૨૦

વાસન ગામે પરમાર વાસ ખાતે ગઈકાલે રાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં ગાળાગાળી કરી રહેલા શખ્સને મહિલાએ ગાળો બોલવાની ના પાડતા ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. તેમ છતા મહિલા અને પરિવારના સભ્યો સાથે ઝઘડો કરી ગાળો બોલતા સમગ્ર મામલો પેથાપુર પોલીસ મથકે પહોંચ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાસન ગામે રહેતા સુનિલકુમાર રમણલાલ પરમાર સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે મહીન્દ્રા કંપની ખાતે નોકરી કરે છે. જયારે ગતરોજ સાંજના સુમારે નોકરી થી આવ્યા બાદ સુનિલ તેની પત્ની ઈલા અને દિકરા આર્યન સાથે જમવા માટે બેઠા હતા. જયારે જમી પરવારીને સુનિલ જુના ઘરે ગયો હતો. જયારે ફરીયાદી વાસણ ધોવા માટે સાબુ લેવા માટે ઘર પાસે આવેલા વાડામાં ચાલીને જઈ રહ્યા હતા. તે સમયે અંધારામાં ગામના મહેન્દ્રભાઈ પરમાર નજીક આવ્યા હતા અને ગાળાગાળી કરી રહ્યા હતા. જેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા ફરીયાદી સાથે ઝપાઝપી કરી લાત મારી હતી. જેથી ઝઘડો થતા હોહા થતા ફરીયાદીના સસરા, દિયર અને તેણીના પતિ, કાકાજીનો દિકરાઓ, આવી જતા મહેન્દ્ર પરમાર સમય પારખી જતા ભાગવાની કોશિશ કરતો હતો. તે સમયે તેનુ ઉપરાણુ લઈ તેના બે કાકા આવી જતા ફરીયાદીના સસરા અને દિયર સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. તે સમયે ફરીયાદીની તબિયત બગડતા સારવાર માટે ગાંધીનગર સિવિલ લાવવામાં આવ્યા હતા. ત્યારે બનાવ અંગે મહિલાએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે

જયારે બીજીતરફ મહેન્દ્રભાઈ પરમારે પેથાપુર પોલીસ મથકે પાંચ શખ્સો સામે ફરીયાદ નોંધાવી છે. ફરીયાદ મુજબ વાસણ ગતરોજ સાંજના સાડા આઠ વાગે તેઓ ગામમાં કામ અર્થે ગયા હતા અને પરત આવી રહ્યા હતા તે સમયે દિલિપ પરમારના ઘર પાસેથી નીકળતો હતો.તે સમયે દિલિપે રસ્તામાં જતા જોઈને કારણ વિના ગાળાગાળી શરુ કરી હતી. કેમ ગાળો બોલો છો તેમ પુછતા જ અન્ય શખ્સો મારવા દોડી આવ્યા હતા. તે સમયે દિલિપ પરમારે હાથમાં દાંતી કપાળના ભાગે ડાબી બાજુ મારતા હાથ વચ્ચે કરતાજમણા હાથે ઈજા થઈ છે.જયારે અન્ય વ્યકિતઓએ એકઠા થઈ ગડદાપાટુનો માર માર્યો હતો.જયારે ઈજા થતા ૧૦૮માં સારવાર માટે ખસેડાયા હતા.બનાવ અંગે પેથાપુર પોલીસે વધુ તપાસ હાથ ધરીછે.

## ખૂણેખાંચરેથી

● આજે વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો તેમજ પવનની ગતિ પણ જોવા મળી હતી તે માવઠાનો સંકેત હોવાની ચર્ચા લોકજીભે થતી સાંભળવા મળી હતી.

● ગાંધીનગર જિલ્લા બાળ સુરક્ષા સમિતિની બેઠક આજે મળવાની હતી પરંતુ અનિવાર્ય કારણોસર મોકૂફ કરી દેવામાં આવી હતી.

● બ્રિટનના વડાપ્રધાનની મુલાકાતને લઈ તંત્ર આજે તેની તૈયારીમાં વધુ વ્યસ્ત બન્યુ છે. બે દિવસમાં બે દેશના પ્રધાનમંત્રી ગાંધીનગરમાં હોવાથી તંત્રની કામગીરી વધી છે.

● ગાંધીનગર શહેરમાં નીલ ગાયનો ત્રાસ વધી રહ્યો હોવાની ફરિયાદો વધવા પામી છે.

● સે. ૨૨માં બેંક ઓફ બરોડાથી 'ચ' ને 'ઘ' ટાઈપ વચ્ચેના સર્વિસ રોડ પર જે રીતે રેતી પાથરવામાં આવી છે તેણે સેક્ટરવાસીઓમાં ચર્ચા જગાવી છે.

● સરખેજથી ગાંધીનગર આવતી બસો ભાગવત્ વિદ્યાપીઠના નિયત કરેલા સ્ટેન્ડ પર ઉભી રાખવામાં ન આવતાં કોલેજોના વિદ્યાર્થીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

● ૧૬ વર્ષમાં ૨૨ ગામોમાં ગૌચર શૂન્ય થયાની વાત અંગે જવાબદારો સામે પગલાં લેવાની માંગ કરતો પત્ર એક સેવાભાવી સંગઠને લખ્યો હોવાનું જાણવા મળેલ છે.

● સિંગતેલ અને કપાસિયા તેલમાં ભાવ વધારો થતાં ગૃહીણીઓની મુશ્કેલી વધી છે.

● મેલેરિયા તંત્ર દ્વારા હાથ ધરાયેલ બીજા તબક્કાના સર્વેલન્સની કામગીરીમાં રિપોર્ટીંગ નહિ કરવા આરોગ્ય મંડળના આદેશને પગલે તંત્રને ભારે મુશ્કેલી પડી રહી છે.

## ડીસા વોર્ડ નં ૮ ના સદસ્ય દ્વારા પીવાના પાણીની ઠંડી પરબ ખુલ્લી મુકવામાં આવી

સમગ્ર ગુજરાતમાં ઉનાળાની શરૂઆત થતાં ઠેર-ઠેર પીવાનાં પાણીની પરબો ચાલું કરવામાં આવી રહી છે કાળઝાળ ગરમીમાં લોક ખાસ કરીને ઠંડા પાણીનો ઉપયોગ વધું કરતાં હોય છે ત્યારે સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠેર-ઠેર ઠંડા પાણીની પરબો ખોલી લોકોના આશીર્વાદ પ્રાપ્ત કરી રહ્યા છે ત્યારે આજે ડીસા વોર્ડ નં ૮ સૌથી નાની ઉંમરે નંગરપાલિકાની ચુંટણીમાં વિજેતા બનેલા નિકાતાબેન નટવરજી ઠાકોર દ્વારા રામાપીર મંદીર આગળ ઠંડા પાણીની પરબ ચાલું કરવામાં આવી હતી જેમાં કુલર થી ઠંડુ પાણી લોકો પી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી જ્યાંરે પીવાના ઠંડા પાણીની પરબને આજે નટવરજી ઠાકોર ,,(ચકાભાઈ ) અને હિન્દુ યુવા સંગઠન ભારતનાં પ્રમુખ મનોજભાઈ ઠાકોરના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું જેમાં મોટીસંખ્યામાં વોર્ડ નં ૮ ના લોકો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

## મ.દે. ગ્રામ સેવા સંકુલ સાદરા ખાતે કાનૂની શિબિર યોજાઈ



ચિલોડા, તા. ૨૦

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ અમદાવાદ તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગરના ઉપક્રમે ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરા ખાતે અવેરનેસ કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેરાલીગલ વૉલન્ટીયર સુધીર દેસાઈએ લીગલ સર્વિસિઝ એક્ટ ૧૯૮૭ અને તે અંતર્ગત મફત અને સક્ષમ કાનૂની સહાય જે જે વ્યક્તિઓને પ્રાપ્ય છે તે વિશે વિશદ જાણકારી ઉપસ્થિત શિસ્તબદ્ધ ૩૬૪ જેટલા વિદ્યાર્થીઓને આપી હતી. આ કાર્યક્રમમાં લીગલ વૉલન્ટીયર નટુભાઈ પટેલ પત્રકારે સંક્ષિપ્તમાં કેળવણીનો અર્થ અંગે માર્મિક પ્રવચન આપ્યું હતું. આ સુંદર કાર્યક્રમમાં મુખ્ય અતિથિપદે સંસ્થાના સંયોજક રમેશભાઈ એમ. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. મોતીભાઈ દેવુએ સંભાળ્યું હતું.

## સંકુલ સાદરામાં નર્મદા પરિક્રમા અંગેનો વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરની આત્મન ફાઉન્ડેશન સંસ્થાના પ્રજ્ઞાબેન પટેલે સંકુલ સાદરાના વિદ્યાર્થીઓને નર્મદા પરિક્રમા વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે નર્મદા પરિક્રમાના નિયમો, શ્રધ્ધા, પવિત્રતા સાથેની હજારો વર્ષોથી આ પરિક્રમા ચાલતી આવી છે. નર્મદા પરિક્રમા ૩ વર્ષ ૩ માસ અને ૧૩ દિવસની થતી હોય છે. ખંડિત પરિક્રમા પણ થઈ શકે છે. પરિક્રમાનો હેતુ સૌંદર્ય, પ્રકૃતિ પ્રેમ, જળપ્રેમ, પર્યાવરણ પ્રેમ સાથે માનવનું તાદાત્મ્ય વધે તે છે. આ પરિક્રમા ઓમકારેશ્વરથી શરૂ થઈ ઓમકારેશ્વર પુરી થાય છે. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. મોતીભાઈ દેવુંએ કર્યું હતું.

## જાખોરા પાટીદાર સમાજ દ્વારા ૪૦૮ આમંત્રિત દીકરીઓને ૨૦ લીટરના પાણીના જગ ભેટ અપાયા



ચિલોડા, તા. ૨૦

ગાંધીનગર તાલુકાના જાખોરા ગામે પાટીદાર સમાજ દ્વારા ચૈત્ર સુદ પુનમના પવિત્ર દિવસે હનુમાન જન્મોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં ભવ્ય મારૂતિ યજ્ઞ, અન્નકૂટ શોભાયાત્રા, ધ્વજારોહણ, યજ્ઞ તેમજ મહાઆરતી સહિત સાંજે મહા પ્રસાદનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે સાંજે યજ્ઞ પૂર્ણાહૂતિ દરમ્યાન ભાવિક ભક્તોએ ખૂબજ ઉત્સાહપૂર્વક દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં ગામની પાટીદાર સમાજની ૪૦૮ આમંત્રિત દીકરીઓને પ્રાસંગિકરૂપે ૨૦ લીટરના મોટા પાણીના જગ ભેટરૂપે અર્પણ કરાયા હતા.

## ગુજરાત મહેસૂલ પંચમાં આગામી ૧૪ મે થી ૧૨ જૂન-૨૦૨૨ સુધી ઉનાળુ વેકેશન રહેશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત મહેસૂલ પંચની કચેરીમાં આગામી તા.૧૪ મે થી ૧૨ જૂન ૨૦૨૨ સુધી ઉનાળુ વેકેશન રહેશે. વેકેશન દરમ્યાન અરજન્ટ હિયરીંગના કેસો, કામચલાઉ મનાઈ હુકમવાળા તથા જે કેસોમાં વેકેશન પહેલા બન્ને પક્ષકારોએ સંમતિ આપી હોય અને તે સંમતિ ગુજરાત મહેસુલ પંચ, અમદાવાદ દ્વારા ગ્રાહ્ય રખાઈ હોય તેવા કેસો સિવાયની સુનવાણીની કોઈ કામગીરી હાથ ધરવામાં આવશે નહિ ઉનાળા વેકેશન દરમ્યાન ગુજરાત મહેસૂલ પંચની કચેરીના કામકાજનો સમય રજાના દિવસો સિવાય સવારના ૧૦.૩૦ કલાકથી ૬.૧૦ કલાક સુધીનો રહેશે.

આ સમય દરમ્યાન અપીલ/રીવીઝન અરજીઓ વિગેરે સ્વીકારવાની વ્યવસ્થા કરવામાં આવી છે તેમ ગુજરાત મહેસુલ પંચ અમદાવાદની યાદીમાં જણાવાયું છે.

## મેડીકલ ટીમના સભ્યો માટે રાત્રી રોકાણની વ્યવસ્થા ન હોવાથી હોબાળો

ગાંધીનગર, તા.૨૦

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ વિદેશી મહેમાન ગુજરાતની મુલાકાતે હોવાથી સમગ્ર વહીવટી - પોલીસ તંત્ર ખડેપગે તૈનાત હતું. ત્યારે ગાંધીનગર સિવિલમાં પણ ચહલ પહલ વધી જવા પામી હતી. પીએમ સહિત વિદેશી મહેમાનો માટે મેડીકલની વિવિધ ટીમો બનાવી હતી. આ મેડીકલ ટીમ રાઉન્ડ ધ કલોક ફરજ પર હાજર રહેવાની હતી. ત્યારે ડોકટરની અછત સર્જાતા અન્ય સ્થળ થી પણ ડોકટરનો ગાંધીનગર બોલાવવામાં આવ્યા હતા. વિદેશી મહેમાન જે સ્થળ પર રાત્રી રોકાણ કરવાના હોય, જે સ્થળની મુલાકાત કરનાર હોય તેવી તમામ જગ્યા પર મેડીકલ ટીમ તહેનાત હોય છે. જેથી હોટલ લીલા, મહાત્મા મંદિર, સેકટર-૧૭, રાજભવન, કોન્વોય સહિતના સ્થળો પર મેડીકલ ટીમ ગોઠવાઈ હતી. તો ઉપરાંત સિવિલ હોસ્પિટલ ખાતે બેઝ હોસ્પિટલ ઉભી કરવામાં આવી હતી. તંત્ર દ્વારા આરોગ્યની દિશામાં કોઈ કમી રહી ના જાય તેનુ બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારે તંત્ર દ્વારા મેડીકલ ટીમને ટાઈમસર ભોજન અને રાત્રી રોકાણની પણ વ્યવસ્થા કરવાની હોય છે.

ત્યારે ગતરોજ રાત્રીના સમયે હોટલ લીલા ખાતે રોકાયેલ મેડીકલ ટીમના ડોકટર્સ તેમજ સ્ટાફ માટે રાત્રી રોકાણની કોઈ વ્યવસ્થા ન હોવાથી રાત્રે હોબાળો થયો હોવાનુ સિવિલના અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. જયારે હોટલ લીલા ખાતે પોલીસ અધિકારી અને અન્ય અધિકારી કર્મચારીઓ પણ ફરજ પર હતા. પરંતુ તેમના માટે રૂમ ની વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે ડોકટર તેમજ ટીમની કોઈ વ્યવસ્થા ન હોવાથી રાત્રી રોકાણ ટીમને રોડ પર કરવાનો વારો આવ્યો હતો. જયારે રાત્રી રોકાણ કરનાર ડોકટરને અન્ય શહેરમાંથી બોલાવ્યા હોવાનું જાણવા મળ્યું છે. તો બીજીતરફ રાત્રી હોબાળા બાદ સફાળુ હોસ્પિટલ તંત્ર જાગી જતા બુધવારે સવારે તમામ મેડીકલ ટીમોના સભ્યોને જમવા માટે ફુડ પેકેટની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે આરોગ્યના અધિકારી-કર્મચારીઓ માટે ઓરમાયુ વર્તન રાખવા અંગે તેમજ ડોકટર તેમજ ટીમના સભ્યોએ જેમ તેમ કરી રાત્રીનો સમય પસાર કરતા સિવિલ સત્તાધિશોને લેખિત રજુઆત પણ કરી હોવાનું ધ્યાને આવ્યું છે.

## ગાંધીનગર ખાતે ત્રણ શ્રેષ્ઠ ઔધોગિક તાલીમ સંસ્થાઓને પારિતોષિક એનાયત અર્પણ કરાયા

**રાજયની શ્રેષ્ઠ ઔધોગિક તાલીમ સંસ્થા પાલનપુરને રૂપિયા ૧૧ લાખ, બિલીમોરાને રૂપિયા ૯ લાખ અને ઉત્તરસંડાને રૂપિયા ૫ લાખની રકમ મંત્રીશ્રીના હસ્તે પારિતોષિક રૂપે અર્પણ કરાઇ**

ગાંધીનગર,તા.૨૦

રોજગાર અને તાલીમ, ગાંધીનગર દ્વારા રાજયમાં કાર્યરત સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓને શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ પારિતોષિક રોકડ એનાયત કરવામાં આવે છે. આજરોજ આ ઈનામ વિતરણ સમારંભ રોજગાર વિભાગના મંત્રી શ્રી બ્રિજેશ મેરજાની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે યોજાયો હતો.

નિયામકશ્રી, રોજગાર અને તાલીમ દ્વારા રાજયની ત્રણ શ્રેષ્ઠ ઔધોગિક તાલીમ સંસ્થાનો સર્વે કરવા માટે નાયબ નિયામક( તાલીમ ) દ્વારા આચાર્યશ્રીઓની એક કમિટીની રચના કરવામાં આવે છે. આ કમિટી દ્વારા પારિતોષિક એનાયત કરવા અંગેના માપદંડો નક્કી કરવામાં આવે છે. જેને ધ્યાને લઈ રાજયમાંથી ત્રણ ઔધોગિક તાલીમ સંસ્થાની પસંદગી કરવામાં આવે છે. પસંદ કરેલ ઔધોગિક તાલીમ સંસ્થાઓને પારિતોષિક પેટે મળેલ પુરસ્કર્ત રકમનો ઉપયોગ



સંસ્થાના વિકાસના કામો માટે કરવાનો હોય છે. કમિટી દ્વારા વર્ષ-૨૦૨૧-૨૨માં ઔધોગિક તાલીમ સંસ્થા પાલનપુરને પ્રથમ ક્રમે, બિલીમોરાને દ્રિતિય ક્રમે અને ઉત્તરસંડાને તૃત્તીય ક્રમ માટે પસંદગી કરવામાં આવી છે. આજરોજ મંત્રી શ્રી બ્રિજેશ મેરજાના હસ્તે પાલનપુર ઔધોગિક તાલીમ સંસ્થાને રૂપિયા ૧૧ લાખ અને બિલીમોરાને રૂપિયા ૯ લાખ અને ઉત્તરસંડાને રૂપિયા પાંચ લાખ ની રકમનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

## પરશુરામ જયંતિએ શહેરમાં ભવ્ય શોભાયાત્રા યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેર જિલ્લા બ્રહ્મસમાજ (રાજયકક્ષા) દ્વારા આગામી તા. ૩જી મે મંગળવારે ભગવાન પરશુરામ જયંતિ નિમિત્તે નગરમાં થીમ બેઝ સ્થાપનાથી વિકાસ સુધી ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત બ્રહ્મસમાજનાં મુખ્ય સંગઠક અશ્વિનભાઈ ત્રિવેદી, ગાંધીનગર શહેર જિલ્લા પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી તેમજ યાત્રાના મુખ્ય કન્વિનર હિમાંશુ ભચેચે જણાવ્યુ હતું કે ગાંધીનગર જી.ઈ.બી. કોલોની જ્યાં નગરની સૌથી પ્રથમ ઈંટ મુકવામાં આવી અને ત્યારબાદ ક્રમે ક્રમે નગરનો વિકાસ થયો એટલે કે આ થીમ હેઠળ સ્થાપનાથી વિકાસ સુધી આ વિષય (થીમ) હેઠળ આગામી તા. ૩ મેના રોજ સવારે ૮ થી ૧૦.૩૦ દરમિયાન ભગવાન પરશુરામની ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રામાં બ્રહ્મસમાજનાં બ્રાહ્મણોની સાથે સાથે નગરની અન્ય સામાજીક સંસ્થાઓ, આગેવાનો, રાજકીય આગેવાનો, મંત્રીઓ તેમજ અન્ય સમાજનાં તમામ લોકો આ શોભાયાત્રામાં સામેલ થનાર છે. તે ઉપરાંત આ શોભાયાત્રામાં અંદાજે ૩૦ જેટલી ટ્રકો, ૧૦ ટ્રેક્ટરોમાં નગરનાં વિકાસને લગતાં વિવિધ ટેબ્લો, ધાર્મિક થીમ સાથેનાં ટેબ્લો, બળદ ગાંડા અને ઊંટલારીમાં સમાજ તેમજ નગર વિકાસને લગતાં સ્લોગનો સાથેનાં વાહનો જોડાશે. તે ઉપરાંત લગભગ પચીસેક જગ્યાએ આ યાત્રાનાં રૂટમાં સમાજોનાં આગેવાનો, સંસ્થાઓ તેમજ નગરજનો અને વસાહત મહાસંઘ દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવશે. આ યાત્રામાં પોલીસ બેન્ડ સહિત ડી.જે. દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવનાર છે.

## સીઆરપીએફ કેમ્પ ખાતે સ્કુટીની અડફેટે કિશોરને ઈજા

ગાંધીનગર, તા.૨૦

સીઆરપીએફ કેમ્પ કંમ્પાઉન્ડ ખાતે આવેલા ગાર્ડન થી હોસ્પિટલના માર્ગ પર પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સ્કુટી ચાલક યુવતિએ નવ વર્ષિય બાળકને અડફેટે લેતા તેને ઈજા પહોંચી હતી. બાળક નીચે પટકાતા ડાબા હાથના કાંડાના ભાગે ઈજા થતા સ્કુટી ચાલક સામે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સીઆરપીએફમાં રહેતા યોગીતાબેન પેંઢારે પોતાના પરિવાર સાથે રહે છે.જયારે તેણીના પતિ સીઆરપીએફમાં સિપાઈ તરીકે આંધ્રપ્રદેશ વિજયવાડા ખાતે ફરજ બજાવે છે. યોગિતાબેનને બે બાળકો છે જેમાં ગૌરવ અને નાનો દિકરો તેજસ છે.ગત તા.૮ એપ્રિલના રોજ સાંજના આશરે સાડા છ વાગ્યાના અરસામાં યોગિતાબેન તેમના બાળકોને લઈ બગીચામાં ગયા હતા. ત્યારબાદ બગીચામાંથી ઘરે પરત ફરતા હતા. તે સમયે ગાર્ડન અને હોસ્પિટલના માર્ગ પર જઈ રહ્યા હતા તે દરમિયાન એક યુવતિ તેનુ સ્કુટી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી યોગિતા બેનના નાના દિકરા તેજસને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં તેજસ નીચે જમીન પર પટકાતા ડાબા હાથે ઈજા પહોંચી હતી. જયારે અકસ્માત કરનાર સ્કુટીનો નં.જી.જે.૧૮.સી.એન.૪૫૧૧ હતો અને તે કેમ્પમાં રહેતી યુવતિનું જ હતું. જયારે ઈજાગ્રસ્ત બાળકને સારવાર માટે ગાંધીનગર સિવિલ અને ત્યાંથી ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જયારે અકસ્માત કરનાર યુવતિના પિતાએ દવા અને સારવારનો ખર્ચ આપવાનો વાયદો કર્યો હતો. પરંતુ આજદિન સુધી સારવારનો ખર્ચ ન આપતા ચિલોડા પોલીસ મથકે સ્કુટી ચાલક યુવતિ સામે ફરીયાદ નોંધાવી છે.

## શહેરના સેકટર-૧૭-૨૨ પાસેથી ગાડીઓ અને બાઈકો દુર કરાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં મહાત્મા મંદિર ખાતે પ્રધાનમંત્રીનો કાર્યક્રમ હોવાથી સેકટર-૧૭-૨૨ તરફના માર્ગ પર અડચણ રૂપ વાહનોને દુર કરવામાં આવ્યા હતા. ટ્રાફિક પોલીસ દ્વારા ૧૫ જેટલા ગાડી અને ટું-વ્હીલરને ટોઈંગ કરી લઈ જવાયા હતા.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના ઘ-૫ થી ચ-૫ વચ્ચે સેકટર-૨૨ સ્થિત વિવિધ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ આવેલા છે. જેમાં ટયુશન કલાસ, કલીનીક, હોસ્પિટલ, સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસીસ, દવાની દુકાનો સહિત અન્ય દુકાનો પણ આવેલી છે. જેને પગલે આ વિસ્તાર હંમેશા ધમધમતો રહે છે. આ કોમ્પ્લેક્ષને અનુલક્ષી આ વિસ્તારમાં માર્ગની બંન્ને બાજુ ટ્રાફિકની સમસ્યા કાયમી સર્જાય છે. ત્યારે આજે મહાત્મા મંદિર ખાતે વડાપ્રધાનનો કાર્યક્રમ હોવાથી સર્કીટ હાઉસથી મહાત્મા મંદિર સુધીના માર્ગ પરથી પડી રહેલા વાહનો દુર કરવામાં આવ્યા હતા. ત્યારે શહેરના ઘ-૫ થી ૧૭-૨૨ સુધીના માર્ગ પર માર્ગની બંન્ને સાઈડ ગાડીઓ તેમજ ટું-વ્હીલરનો ખડકલો હોવાથી દુર કરાયો હતો. ત્યારે મહાત્મા મંદિર ખાતે મોંઘેરા મહેમાનોને જવાનો સમય થયો હોવાથી સેકટર-૧૭-૨૨ તરફથી ગાડીઓ તેમજ ટુ-વ્હીલર ટોઈંગ કરીને લઈ જવાયા હતા. જયારે કેટલાક અડચણરૂપ વાહન ચાલકો સામે તંત્ર દ્વારા લાલ આંખ કરીને દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે. જો કે પોલીસ જવાનો માર્ગ પર હોવાથી અન્ય વાહન ચાલકોને ગાડીઓ પાર્ક નહી કરવા માટે જણાવતા હતા. જયારે બીજીતરફ જે ગાડીઓ પહેલા થી ખડકાયેલી હતી તે ગાડીના ચાલકોને પણ વારંવાર એનાઉમેન્ટ કરીને માર્ગ પરથી હટાવી દેવા માટે જણાવાયું હતું.